**આંક–૧ તળે હુકમ**

પોલીસ ધ્વારા દાખલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા. આ કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી સામે ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબ દાખલ એફ.આઈ.આર. ના આધારે તપાસ કરી ચાર્જશીટ દાખલ કરી છે. રેકર્ડ જોતા સદર ફરીયાદ તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ દાખલ થયેલ છે. ઈ.પી.કો.કલમ–૧૮૮ સી.આર.પી.સી. મુજબ કોગ્નીઝેબલ ગુનો છે પણ સી.આર.પી.સી. કલમ–૧૯૫ ધ્યાને લેતા ઈ.પી.કો.કલમ–૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાઓ માટે કોર્ટ ત્યાં સુધી કોગ્નીઝન્સ ન લઈ શકે જયાં સુધી આ ગુનાઓ માં સંબંધિત જાહેર અધિકારી કે વહીવટી રીતે તે જેના તાબામાં આવતા હોય તેવા ઉપરી અધિકારી લેખિત ફરીયાદ કોર્ટમાં દાખલ ન કરે. આ કેસમાં પોલીસ ધ્વારા જે ચાર્જશીટ દાખલ કરી છે એમાં જણાવેલ છે કે અરોપી એ જાહેરનામાનો ભંગ કરેલ છે પરંતુ આ કેસમાં જે જાહેનામા નો ભંગ કરેલ નુ ફરીયાદી જણાવે છે તેમના ઉપરી અધિકારી ધ્વારા કોર્ટમાં લેખિત ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી. વધુ મા ના. સવીચ્ચ અદાલતના **Daulat Ram v/s. State of Punjab, 1962 AIR 1206,** ના. સવીચ્ચ અદલતે પ્રસ્થાપીત કરેલ છે કે as per section 195 Cr.P.C. Complaint must be in writing by the public servant concerned and if there is no compliance of this section then the trial was without jurisdiction and the conviction can not be maintained.

વધુમા ના. પટના હાઈકોર્ટના **Gaurishanker Jha v/s. Chintanath Jha,** મા ઠરવવામા આવેલ છે કે if it appears that when the cognizance has been taken and the defect of want of jurisdiction or absence of sanction crops up, then the court should not proceed with the trial. If witnesses have been produced by both sides when a court has no jurisdiction or there is inherent want of sanction, the prosecution becomes bad, illegal and without jurisdiction.........All proceeding are to be dropped or complaint has to be dismissed but definitely no order of acquittal or discharge can be passed.

વધુમા ના. ગુજરાત હાઈકોર્ટના **Kanjibhai v/s. State on 16 March, 2010. Criminal Misc. Application no.348 of 1995,**થઈ મા ઠરાવવામા અવેલ છે કે in view of the provisions of sub-section(1) of section-195, which expressly bars taking of cognizance of an offence under section-188 except as provided thereunder, read with section-2(d) of the Code, it was not permissible for the learned Judicial Magistrate First Class to take cognizance of the offence in question on the basis of a charge-sheet filed pursuant to the first information report lodged by the respondent No.2. In the light of the provisions of section 195(1)(a), the Court could not have taken cognizance of the offence under section 188 IPC except on a complaint in writing by the public servant concerned or some other public servant

to whom he is administatively subordinate.

વધુમા ના. દીલ્હી હાઈકોર્ટ મારફતે **Arvind Kejriwal & Ors. v/s. Amit Sibal & Anr., Cri.Misc.Application no.18920-21/2013.** થઈ મા ઠરાવવામા આવેલ છે કે If the trial court proceeds to drop the proceedings qua petitioners, then the Apex Court's decision in Adalat prasad v/s. Rooplal Jindal and Ors. (2004) 7 SCC 338 would not stand in the way of trial court to do so.

આમ ઉપરોકત ચુકદામા પ્રસ્થાપી થયેલ સીધ્ધાતો ધ્યાને લઈ તથ સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાઓ ધ્યાને લેતા અત્રેની કોર્ટ નુ માનવુ છે કે ઈ.પી.કો.કલમ–૧૮૮માં પોલીસ ચાર્જશીટ ન કરી શકે તથા કોર્ટ ચાર્જશીટને કમ્પલેન્ટ તરીકે પણ ન લઈ શકે. આમ હાલના કમે કાયદા ની મેન્ડેરી જોગવાઈ નુ પાલન થયેલ નહોય પોલીસ ધ્વારા આ કેસમાં કોગ્નીઝેબલ ગુનો હોવા છતાં દાખલ ચાર્જશીટ ઉપર કોગ્નીઝન્સ લેવા કાયદાકીય બાધ નડતો હોય હાઈ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૫૮ ધ્યાનેલઈ આરોપી સામે ની કાર્યવાહી ડ્રોપ કરવા યાને બંધ કરવા હુકમ કરવામા આવે છે

તા.૧૩/૦૫/૨૦૨૩

રાજકોટ

(મોહંમદ સઈદ મહેમુદમીયાં શેખ)
૧૮ મા એડી. સીનીયર સીવીલ જજ ,
રાજકોટ.
UIC No. GJ01200